# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારત-ફિલિપાઇન્સની ભાગીદારીને શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિનો પાયો ગણાવી.

2) ઉત્તરકાશીના ધારાલીમાં વાદળ ફાટ્યા બાદ ફસાયેલા લોકોને શોધવા યુધ્ધના ધોરણે બચાવ કામગીરી.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર નવનિર્મિત કર્તવ્ય ભવનનું ઉદ્ઘાટન કરશે.

4) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે સહકારી ક્ષેત્ર ભૂમિહીન અને ગરીબ લોકો માટે સમૃદ્ધિનો માર્ગ ખોલી શકે છે.

5) ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ આજથી ચેન્નાઈમાં શરૂ થશે.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ-INDIA-PHILIPPINES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારત-ફિલિપાઇન્સની ભાગીદારીને શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિનો પાયો ગણાવી છે. જે બંને દેશોના લોકો માટે લાભકારક છે. ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ રોમુઆલ્ડેઝ માર્કોસ જુનિયરનું ભારતની તેમની પ્રથમ મુલાકાત પ્રસંગે સ્વાગત કરતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, બંને દેશો વચ્ચેના વ્યાપક સહયોગમાં સતત ઉચ્ચ સ્તરીય જોડાણ, વધતો વેપાર અને વાણિજ્ય, મજબૂત સંરક્ષણ અને દરિયાઈ ક્ષેત્ર સહિત સુરક્ષા સહયોગનો સમાવેશ થાય છે, તેમણે કહ્યું કે ભારત અને ફિલિપાઇન્સ વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતા સભ્યતા સંપર્કો, ઐતિહાસિક સંબંધો અને સહિયારા મૂલ્યો પર આધારિત છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ પહેલગામ આતંકવાદી હુમલાની કડક નિંદા કરવા અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને આપેલા એકતા અને સમર્થન બદલ ફિલિપાઇન્સની સરકારનો આભાર માન્યો. ફિલિપાઇન્સ સાથે વિકાસ સહયોગ માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ પર ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખની મુલાકાત બંને દેશો વચ્ચેની ભાગીદારીને મજબૂત બનાવવામાં મદદ કરશે. રાષ્ટ્રપતિ મુર્મુએ ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખના માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કર્યું હતું.

# ARMY-UTTRAKHAND

ભારતીય સેનાએ જણાવ્યું કે, ઉત્તરકાશીના ધારાલીમાં વાદળ ફાટ્યા બાદ ફસાયેલા લોકોને શોધવા અને મદદ કરવા માટે તમામ ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને શોધ અને બચાવ કામગીરી ચાલુ છે.

સેનાએ જણાવ્યું કે, 20થી વધુ નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. ઘાયલોને હર્ષિલના આર્મી મેડિકલ સેન્ટરમાં તબીબી સંભાળ આપવામાં આવી રહી છે. 150 સેનાના જવાનો 10 મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી ગયા અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી. મુખ્યમંત્રી પુશકરસિંહ ધામીએ જણાવ્યુ કે, રાહત અને બચાવ કાર્ય જોરમાં ચાલુ છે.

(BYTE: PUSHKAR-SINGH-DHAMI)

# PM-KARTAVYA-BHAVAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર નવનિર્મિત કર્તવ્ય ભવનનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી એક જાહેર કાર્યક્રમને પણ સંબોધિત કરશે. કર્તવ્ય ભવન સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક ભાગ છે. આ ઇમારત ભવિષ્યમાં વહીવટી પ્રક્રિયાઓ અને શાસનને સુવ્યવસ્થિત કરવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવનારી કેન્દ્રીય સચિવાલયની પ્રથમ ઇમારત છે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, કર્તવ્ય ભવન બનાવવાનો હેતુ વિવિધ મંત્રાલયો અને વિભાગોને એકસાથે લાવીને કાર્યક્ષમતા, નવીનતા

અને સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. હાલમાં, વિવિધ મંત્રાલયો અને વિભાગો રાજધાની દિલ્હીના વિવિધ વિસ્તારોમાં સ્થિત છે. કર્તવ્ય ભવન એક આધુનિક કાર્યાલય સંકુલ છે, જે લગભગ 1.5 લાખ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ ઇમારત આધુનિક, કાર્યક્ષમ અને નાગરિક-કેન્દ્રિત શાસન પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની એક મોટી સિદ્ધિ સાબિત થશે.

# NDA-MEETING

નવી દિલ્હીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચો-NDA સંસદીય પક્ષની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ. NDAના લોકસભા અને રાજ્યસભાના સાંસદો આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠક બાદ સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ મુજબ જણાવ્યુ.

**(BYTE- કિરેન રિજિજુ)**

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# COOPERATION-MEETING

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, સહકારી ક્ષેત્ર ભૂમિહીન અને ગરીબ લોકો માટે સમૃદ્ધિનો માર્ગ ખોલી શકે છે. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલય સહકારી સંસ્થાઓને જીવંત અને સફળ વ્યવસાયિક સંસ્થાઓમાં પરિવર્તિત કરવા માટે પ્રતિબદ્ધ છે. પાંચ વર્ષમાં દેશમાં બે લાખ બહુહેતુક સહકારી મંડળીઓ સ્થાપવાના મહત્વાકાંક્ષી લક્ષ્યને ધ્યાનમાં રાખીને અત્યાર સુધીમાં 35 હજારથી વધુ નવી સહકારી મંડળીઓની રચના કરવામાં આવી છે. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં તેમના મંત્રાલયની સલાહકાર સમિતિની બીજી બેઠકમાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા માટેની પહેલ અંગે અધ્યક્ષતા કરતા માહિતી આપી હતી.

તેમણે કહ્યું, સહકારી ક્ષેત્ર, કૃષિ અને ખેડૂતોની સમૃદ્ધિ માટે ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી મંડળીઓની રચના કરવામાં આવી છે. તેમણે સલાહકાર સમિતિના તમામ સભ્યોને તેમના રાજ્યોમાં ડેરી ક્ષેત્રને મજબૂત બનાવવા કહ્યું જેથી સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન મળે.

શ્રી શાહેએ માહિતી આપી કે, રાષ્ટ્રીય સહકારી નીતિ 2025 દેશમાં સહકારી સંસ્થાઓના લાંબા ગાળાના વિકાસ માટે એક વ્યાપક માળખું પૂરું પાડે છે. કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રીઓ કૃષ્ણ પાલ અને મુરલીધર મોહોલે પણ બેઠકમાં ભાગ લીધો હતો.

# ARMY-CEASEFIRE-VIOLATION

ભારતીય સેનાએ સ્પષ્ટતા કરી કે, નિયંત્રણ રેખાની આસપાસ યુદ્ધવિરામ ઉલ્લંઘનની કોઈ ઘટના બની નથી. પૂંછ વિસ્તારમાં યુદ્ધવિરામ ઉલ્લંઘનના મીડિયા અહેવાલો બાદ સેનાએ સ્પષ્ટતા જારી કરી છે.

# CHESS-CHENNAI-MASTERS

ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ આજથી ચેન્નાઈમાં શરૂ થશે. આ ટુર્નામેન્ટમાં બે રાઉન્ડ રોબિન ગ્રુપ છે જેમને માસ્ટર્સ અને ચેલેન્જર્સ એમ બે કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. આજે માસ્ટર્સના પહેલા રાઉન્ડમાં, ભારતીય ગ્રાન્ડ માસ્ટર અર્જુન એરિગાઈસી અમેરિકાના ખેલાડી ઇવાન્ડર લિયાંગનો સામનો કરશે અને વિદિત ગુજરાથી નેધરલેન્ડ્સના જોર્ડન વાન ફોરેસ્ટનો સામનો કરશે.

દરમિયાન, ચેલેન્જર્સ કેટેગરીમાં તમામ ભારતીય ખેલાડીઓ ભાગ લેશે, જેમાં મહિલા કેટેગરીમાં હરિકા દ્રોણવલ્લી અને વૈશાલી રમેશબાબુનો સમાવેશ થાય છે. બંને કેટેગરીમાં રાઉન્ડ રોબિન ફોર્મેટ હશે અને ખેલાડીઓએ નવ રાઉન્ડમાં ભાગ લેવાનો રહેશે.

# ASHWINI-INNOVATION-PARK

ગતિ શક્તિ યુનિવર્સિટી અને SAP લેબ્સ ઇન્ડિયા ઇનોવેશન પાર્કે કર્ણાટકના બેંગલુરુમાં દેવનહલ્લી ખાતે પાર્કના ઉદ્ઘાટન સમારોહમાં સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

ગઈકાલે આ પ્રસંગે બોલતા, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, SAP લેબ્સ ઇન્ડિયા ઇનોવેશન પાર્ક ભારતની વિકાસગાથામાં સમયસર રોકાણ છે. શ્રી વૈષ્ણવે કહ્યું, તે 2047 સુધીમાં વિકસિત ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનમાં મદદરૂપ છે.

તેમણે કહ્યું, આ કેમ્પસ ભારતની પ્રતિભા અને નવીનતા ઇકોસિસ્ટમમાં વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. તે એક વિશ્વસનીય ટેકનોલોજી ભાગીદાર તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવશે.

# NIA-SEARCHES

આ વર્ષે માર્ચમાં અમૃતસરમાં એક મંદિર પર થયેલા આતંકવાદી ગ્રેનેડ હુમલાના સંદર્ભમાં રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ પંજાબમાં 19 સ્થળોએ દરોડા પાડ્યા છે. ગઈકાલે સરહદી જિલ્લાઓ અમૃતસર, ગુરદાસપુર અને બટાલામાં દરોડા દરમિયાન NIA ટીમોએ મોબાઇલ અને ડિજિટલ ઉપકરણો સહિત અનેક ગુનાહિત સામગ્રી જપ્ત કરી છે.

તપાસ સંસ્થાએ કહ્યું કે, અમૃતસરના શેરશાહ રોડ પર ઠાકુર દ્વાર સનાતન મંદિર પર ગ્રેનેડ ફેંકનારા આતંકવાદીઓની વિદેશમાં સ્થિત લોકો સાથે સાંઠ ગાંઠ હતી. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે આ હુમલો આરોપી ગુરસિદક સિંહ અને વિશાલ ગિલ દ્વારા કરવામાં આવ્યો હતો. મૃતક ગુરસિદક સિંહ વિદેશી હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતો જેણે ભારતમાં હુમલા માટે ઘણા લોકોની ભરતી કરી હતી. NIAએ કહ્યું, તે દેશની સુરક્ષા અને સાર્વભૌમત્વ માટે ખતરો ઉભો કરતા અલગ અલગ આતંકવાદીઓ સામે કાર્યવાહી યથાવત રહેશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

1) આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચારોમાં ઉત્તરાખંડમાં જળપ્રલયના સમાચાર મુખ્ય છે

   વર્તમાનપત્રો અનુસાર જોઇએ તો

2) દિવ્યભાસ્કરે લખ્યું છે કે ઉત્તરાખંડમાં જળપ્રલય, ચારના મોત, 100થી વધુ ગુમ

3) ગુજરાત સમાચારે હેડલાઇન બનાવી છે કે ઉત્તરકાશીમાં આભ ફાટ્યુઃ આઠનાં મોત અનેક લાપતા

4) નવગુજરાત સમય, સંદેશ અને ફૂલછાબમાં પણ આજ સમાચારની હેડલાઇન છે

5) જ્યારે ઉદ્યોગપતિ અનિલ અંબાણીની પૂછપરછ, રામ રહિમ પેરોલ પર મુક્ત રશિયા સાથે વેપાર કરવાની ટ્રમ્પની આપખુદશાહી , મધ્યપ્રદેશના જબલપુરમાં સોનાનો ભંડાર હોવાનો ઘટસ્ફોટ જેવા સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.

6) જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ગંભીરા બ્રિજ પર ફસાયેલા ટેન્કરને સલામત રીતે નીચે ઉતારાયુ , ધોળાવીરાની આસપાસ આફ્ટરશોક, ફી નિર્ધારણ સમિતિ નક્કી કરે પછી ખાનગી સ્કૂલો વધારે ફી માંગી શકે નહી તેવા સુપ્રીમ કોર્ટના નિર્દેશને કારણે વાલીઓને રાહત જેવા સમાચાર અખબારોના છેલ્લા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.